નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની વાવ – થરાદ જિલ્લા કચેરીના વડાને નિયંત્રણ અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2025/0979/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા: ૦૧/૦૪/૨૦૨૬

<u>વંચાણે લીધા</u>:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૫/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/3006/A Section

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2025/0978/A Section

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૫/૦૧/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DDCW/MKM/e-file/225/2025/0216/M-Branch-Admin.

<u>આમુખ</u>:

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની વાવ - થરાદ જિલ્લા કચેરીમાં નાયબ નિયામક (વર્ગ-૧)ની જગ્યા ઉભી કરવામાં આવેલ છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી ઉક્ત કચેરીમાં નાયબ નિયામક (વર્ગ-૧) ને "કચેરીના વડા" જાહેર કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૩) પરના પત્રથી, વાવ-થરાદ જિલ્લામાં નાયબ નિયામક (વર્ગ-૧) ને કચેરીની નાણાકીય બાબતો માટે નિયંત્રણ અધિકારી જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની વાવ - થરાદ જિલ્લા કચેરીમાં, કચેરીની વહીવટી અને નાણાકીય બાબતો માટે સદર કચેરીના નાયબ નિયામક (વર્ગ-૧)ને નિયંત્રણ અધિકારી તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

૨. સદર ઠરાવ સમાનાંકી ફાઇલ પર સક્ષમ કક્ષાએ તા:૨૭/૦૩/૨૦૨૬ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના</u>:-

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૬